રખડું કૂતરાંઓને પણ જીવવાનો અધિકાર છે

ભારતનાં બંધારણમાં જેમ મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા છે, તેમ કેટલીક મૂળભૂત ફરજો પણ બતાડવામાં આવી છે. બંધારણની કલમ ૫૧ (એ)(જી) મુજબ ભારતના દરેક નાગરિકની ફરજ છે કે તેણે તમામ જીવો પ્રત્યે કરૂણાભાવ રાખવો જોઈએ, પણ સુપ્રીમ કોર્ટનો તાજેતરનો ચુકાદો આ કરૂણાની ભાવના ઉપર જ પ્રહાર કરનારો છે. સુપ્રીમ કોર્ટે હડકાયાં અને ગંભીર રીતે બીમાર કૂતરાંઓને મારવાની છૂટ આપી છે, જે જીવદયાની ભાવનાથી પણ વિરુદ્ધ છે. સુપ્રીમ કોર્ટની દલીલ એવી છે કે ભારતનાં બંધારણે તેની ૨૧મી કલમ દ્વારા દરેક નાગરિકનો ગૌરવ સાથે જીવવાનો અધિકાર માન્ય કર્યો છે, તેમાં કૂતરાંઓના હુમલાના ભય વિના મુક્તપણે જીવવાનો અધિકાર સામેલ છે. સુપ્રીમ કોર્ટનો તર્ક એવો છે કે જ્યારે બંધારણની ૫૧ (એ)(જી) અને ૨૧ કલમો વચ્ચે સંઘર્ષ થતો હોય ત્યારે તેણે ૨૧મી કલમને પ્રાધાન્ય આપવું જોઈએ અને મનુષ્યોની જ ચિંતા કરવી જોઈએ. સુપ્રીમ કોર્ટે ભલે હડકાયાં કે ગંભીર રીતે બીમાર કૂતરાંઓને જ મારવાની છૂટ આપી હોય, પણ તેનો ઉપયોગ કરીને નગરપાલિકાઓ દ્વારા કોઈ પણ રખડું કૂતરાંને પકડીને ક્રૂરતાપૂર્વક મારી નાખવામાં આવશે, તેવો ભય પેદા થયો છે, માટે જીવદયાપ્રેમીઓ સુપ્રીમ કોર્ટના આદેશ સામે લડી લેવાના મિજાજમાં છે.

ભારતની હજારો વર્ષ જૂની સંસ્કૃતિ જીવદયાની સંસ્કૃતિ છે. આ ભગવાન મહાવીર, બુદ્ધ અને શ્રીકૃષ્ણની ભૂમિ છે, જ્યાં દરેક જીવમાં શિવ માનવામાં આવે છે અને તેની કરૂણા ચિંતવવામાં આવે છે. ભારતમાં ઘરડાં અને અપંગ ઢોરોને પણ પરિવારના સભ્યની જેમ સાચવવામાં આવતાં હતાં. ભારતની પ્રજા કૂતરાંને રોટલા નાખતી હતી, પશુને ચારોપાણી આપતી હતી અને કીડિયારાંમાં લોટ પૂરતી હતી. ભારતમાં કતલખાનાંઓ બ્રિટીશ કાળમાં શરૂ થયાં તેમ રખડું કૂતરાંઓની હિંસા પણ બ્રિટીશ કાળમાં શરૂ થઈ હતી. મુંબઈ મહાનગરપાલિકા દ્વારા દોઢસો વર્ષ પહેલાં રખડું કૂતરાંઓને પકડીને તેમની હત્યા કરવા માટે મહાલક્ષ્મી ખાતે કતલખાનું ખોલવામાં આવ્યું હતું, જેમાં રોજનાં આશરે એક હજાર કૂતરાંઓને વીજળીનો કરંટ આપીને મોતને ઘાટ ઊતારવામાં આવતાં હતાં. આ હત્યાકાંડ સવાસો વર્ષ ચાલુ રહ્યો તો પણ મુંબઈમાં કૂતરાંની વસ્તી ઘટવાને બદલે વધી હતી. ૧૯૯૦ના દાયકામાં બોમ્બે હાઈ કોર્ટે શકવર્તી ચુકાદો આપીને આ હત્યાકાંડ બંધ કરાવ્યો હતો અને તેને બદલે કૂતરાંઓની ખસી કરવાનો પ્રોગ્રામ હાથ ધરવામાં આવ્યો હતો. પાછળથી સુપ્રીમ કોર્ટે એનિમલ બર્થ કન્ટ્રોલ (ABC) નિયમો આખા ભારતમાં લાગુ કરાવ્યા હતા, જેનું આજ સુધી પાલન કરવામાં આવે છે. સુપ્રીમ કોર્ટનો હાલનો ચુકાદો કૂતરાંઓનો હત્યાકાંડ ફરી શરૂ કરનારો પુરવાર થાય તેવો છે.

જુલાઈ ૨૦૨૫ માં ન્યાયાધીશ જેબી પારડીવાલા અને આર. મહાદેવનની બનેલી સુપ્રીમ કોર્ટની બેન્ચે એક સમાચાર અહેવાલના આધારે સ્વતઃ સંજ્ઞાન લઈને રખડતાં કૂતરાંઓનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ બે ન્યાયાધીશોની બેન્ચે ગયાં વર્ષે ૧૧ ઓગસ્ટના રોજ કેસની સુનાવણી કરતી વખતે દિલ્હી-એનસીઆરના તમામ રખડતાં કૂતરાંઓને આશ્રય ગૃહોમાં બંધ કરવાનો આદેશ આપ્યો હતો. જોકે, પ્રાણી પ્રેમીઓએ આ આદેશનો વિરોધ કર્યો હતો અને કેટલાક કૂતરાંપ્રેમીઓએ સુપ્રીમ કોર્ટમાં જ તેની વિરુદ્ધ અરજી દાખલ કરી હતી. પ્રાણી અધિકાર સંગઠન PETA ઈન્ડિયાએ જણાવ્યું હતું કે કૂતરાંઓને દૂર કરવા એ કોઈ વૈજ્ઞાનિક પદ્ધતિ નથી અને ન તો તે સમસ્યાનો કાયમી

ભારતની હજારો વર્ષ જૂની સંસ્કૃતિ જીવદયાની સંસ્કૃતિ છે. આ ભગવાન મહાવીર, બુદ્ધ અને શ્રીકૃષ્ણની ભૂમિ છે, જ્યાં જીવમાં શિવ માનવામાં આવે છે અને તેની કરૂણા ચિંતવવામાં આવે છે

ટાઈમ લાઈન

સંજય વોરા

ઉકેલ આપશે. રખડતાં કૂતરાંઓને આશ્રય ગૃહોમાં બંધ કરવાના આદેશ સામે દાખલ કરાયેલી અરજી પર ત્રણ ન્યાયાધીશોની બેન્ચે નિર્દેશ આપ્યો કે જે કૂતરાંઓ પકડાયાં છે તેમને તે જ વિસ્તારમાં છોડી દેવા જોઈએ. જોકે, આ નિર્ણયમાં સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું હતું કે જે કૂતરાંઓને હડકવા છે તેમને મારી નાંખવા જોઈએ.

સુપ્રીમ કોર્ટના આદેશની સમીક્ષા કરતાં પ્રાણી અધિકાર સંગઠનોએ જણાવ્યું છે કે આશ્રયસ્થાનોમાં કૂતરાંઓને મોટા પાયે બળજબરીથી બહાર કાઢવાથી સમસ્યા વધી શકે છે. હ્યુમન વર્લ્ડ ફોર એનિમલ્સ ઈન્ડિયાના એમ.ડી. આલોક વર્મા સેનગુપ્તાએ જણાવ્યું હતું કે માણસો અને રખડતાં કૂતરાંઓ વચ્ચે વધતાં સંઘર્ષનું વાસ્તવિક કારણ કૂતરાંઓની હાજરી નથી, પરંતુ વર્ષોથી નસબંધી અને હડકવા રસીકરણના કાર્યક્રમોના યોગ્ય અમલીકરણનો અભાવ છે. સુપ્રીમ કોર્ટે પણ સ્વીકાર્યું છે કે કાયદાઓ અને નિયમો પહેલાથી જ અસ્તિત્વમાં છે, પરંતુ સ્થાનિક વહીવટીતંત્રે તેનો અસરકારક રીતે અમલ કર્યો નથી. સંગઠને રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોને વિનંતી કરી છે કે તેઓ કાયદા અને કાયદાકીય પ્રક્રિયાઓની બહારનાં પગલાં લેવાથી દૂર રહે, જેમાં કૂતરાંઓને બળજબરીથી દૂર કરવા, સામૂહિક રીતે પકડવા કે હત્યા કરવાની નીતિઓનો સમાવેશ થાય છે. આ પગલાંઓ સમસ્યાને હળવી કરશે નહીં પરંતુ વસ્તીવધારામાં અને સંઘર્ષમાં વધારો કરી શકે છે.

ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અને પ્રાણી અધિકાર કાર્યકર્તા મેનકા ગાંધીએ કહ્યું છે કે સુપ્રીમ કોર્ટે રખડતાં કૂતરાંઓના મુદ્દા પર પોતાની જવાબદારી છોડી દીધી છે. સુપ્રીમ કોર્ટના અગાઉના નિર્દેશોનો દેશભરમાં અમલ કરવામાં આવ્યો નથી. મેનકા ગાંધીએ કહ્યું છે કે સુપ્રીમ કોર્ટે ફક્ત એટલું જ કહ્યું છે કે નવેમ્બરમાં અમે જે કહ્યું હતું તે કરવું જોઈએ. હકીકતમાં નવેમ્બર પછી કોઈએ કંઈ કર્યું નથી. રખડું કૂતરાંઓ માટે એક પણ આશ્રયસ્થાન કે હોસ્પિટલ બનાવવામાં આવી નથી. કોઈ પણ બસ સ્ટોપ, શાળા કે કોલેજમાંથી કૂતરાંઓને દૂર કરવામાં આવ્યાં નથી. આ તકનીકી રીતે અશક્ય છે. પ્રાણી અધિકાર કાર્યકર્તા ગૌરી મૌલેખીએ જણાવ્યું હતું કે અગાઉ કોર્ટે વિવિધ સ્થળોએથી રખડતાં કૂતરાંઓને દૂર કરવાનો આદેશ આપ્યો હતો, પરંતુ હવે પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવા માટે આ નિર્ણયોના અમલની જવાબદારી રાજ્યો પર છોડી દેવામાં આવી છે. જો રાજ્ય સરકારો અને નગરપાલિકાઓ રખડું કૂતરાંની વસ્તીને નિયંત્રણમાં લઈ ન શકે તો તેનો ઉપાય કૂતરાંની હત્યા કરાવવી તે નથી. સુપ્રીમ કોર્ટે પોતાની બહોળી સત્તાનો ઉપયોગ કરીને ABC કાર્યક્રમનો કડક અમલ કરાવવો જોઈએ.

એક દૂજે કે લિયે... મર ગયે! રોમિયો એન્ડ જુલિયટ

જ્યારે પણ પ્રેમ, ઈશ્ક અને મોહબ્બતની વાતો નીકળે, ત્યારે આપણને અલ્ટીમેટ લવ-ગોલ્સ આપનારી એક જોડી અચૂક યાદ આવે રોમિયો અને જુલિયટ. ઈ.સ. ૧૫૯૭ની આસપાસ જ્યારે મહાન નાટ્યકાર વિલિયમ શેક્સપિયરે આ નાટક લખ્યું હશે, ત્યારે કદાચ એમને પણ અંદાજો નહીં હોય કે તેઓ સદીઓ સુધી ચાલનારો એક એવો 'લવ ટ્રેન્ડ' સેટ કરી રહ્યા છે, જે ક્યારેય આઉટ ઓફ ફેશન નહીં થાય.

આજના સમયમાં પણ લંડનના બ્રોડવેથી લઈને મુંબઈના થિયેટરો સુધી, આ નાટક ક્યારેક રોક મ્યુઝિકલના ફોર્મેટમાં, તો ક્યારેક સાયબર-ક્રાઈમના બેકગ્રાઉન્ડ સાથે મોર્ડન ટ્વિસ્ટ આપીને ભજવવામાં આવે છે

આજે ૪૦૦થી વધુ વર્ષો પછી પણ, જ્યારે કોઈ છોકરો કોઈ છોકરીની પાછળ આતુર થઈને ફરે, ત્યારે દુનિયા આજેય ટોણો મારે છેઃ 'મોટા ઉપડ્યા છો રોમિયો થવા!' આ જ આ નાટકની અસલી સફળતા છે.

નાટકના કેન્દ્રમાં ઈટાલીનું વેરોના શહેર છે. અહીં બે મોટા અને પ્રતિષ્ઠિત પરિવારો રહે છે. મોન્ટેગ્યુ (Montague) અને કેપ્યુલેટ (Capulet). આ બંને પરિવારો વચ્ચે પેઢીઓથી એટલી કટ્ટર દુશ્મની ચાલે છે કે જો રસ્તામાં સામસામે આવી જાય, તો તલવારો નીકળી પડે.

હવે ટ્વિસ્ટ અહીંથી શરૂ થાય છે. મોન્ટેગ્યુ પરિવારનો રોમિયો. ભાઈ સાહેબ એક તરફી પ્રેમમાં દેવદાસ બનીને રખડતા હોય છે, ત્યાં જ એમના મિત્રો એને મૂડ ફ્રેશ કરવા માટે દુશ્મન કેપ્યુલેટ પરિવારની એક ગ્રાન્ડ પાર્ટીમાં છાનામાના (માસ્ક પહેરીને) લઈ જાય છે.

અને ત્યાં એન્ટ્રી થાય છે ૧૩ વર્ષની સુંદર કન્યા જુલિયટની (હા, શેક્સપિયરના જમાનામાં વાર્તાઓમાં ઉંમર આવી જ નાની રખાતી!). રોમિયો જુલિયટને જુએ છે અને બેકગ્રાઉન્ડમાં વાયોલિન વાગવા માંડે છે. 'લવ એટ ફર્સ્ટ સાઈટ'નો આ લાઈવ ડેમો હતો. બંને એકબીજાના પ્રેમમાં ગળાડૂબ ડૂબી જાય છે, પણ હોશ ત્યારે ઉડે છે જ્યારે ખબર પડે છે કે 'અરે યાર! આ તો દુશ્મનના ઘરના છે!'

આ નાટકનો સૌથી પ્રખ્યાત ભાગ છે 'બાલ્કની સીન'. રાત્રિના અંધારામાં રોમિયો જુલિયટના ઘરના બગીચામાં કૂદીને પહોંચી જાય છે અને જુલિયટ ઉપર બાલ્કનીમાં ઊભી હોય છે. અહીં જુલિયટ એક બહુ ફેમસ ડાયલોગ બોલે છેઃ

'નામમાં શું રાખ્યું છે? ગુલાબને ગમે તે નામે બોલાવો, તેની સુગંધ તો એ જ રહેશે!'

એટલે કે, જો રોમિયો પોતાની અટક (મોન્ટેગ્યુ) છોડી દે, તો જુલિયટ આખી જિંદગી એની થવા તૈયાર છે. બંને છૂપી રીતે લગ્ન પણ કરી લે છે. જો આજના સમયમાં આ સીન હોત, તો રોમિયો કદાચ નીચે ઊભો રહીને વ્હોટ્સએપ પર 'આઈ લવ યુ'નો મેસેજ ટાઈપ કરતો હોત, પણ શેક્સપિયરના જમાનાની એ શાયરીઓ અને સંવાદોની મજા જ કંઈક અલગ હતી.

એક ગેરસમજ અને બધું જ ખલાસ!

આ નાટક જો સુખદ અંતવાળી હોત તો કદાચ હિન્દી ફિલ્મ 'બોબી' કે 'કયામત સે કયામત તક' જેવી હોત (જે આના પરથી જ પ્રેરિત છે), પણ શેક્સપિયરને ટ્રેજેડી બહુ ગમતી.

નાટકમાં લોહીયાળ ઝઘડા થાય છે. જુલિયટના પિતરાઈ ભાઈ ટિબાલ્ટના હાથે રોમિયોનો મિત્ર માર્યો જાય છે, અને

કર્ટનકોલ

બદલામાં રોમિયો ટિબાલ્ટને પતાવી દે છે. પરિણામે રોમિયોને શહેરની બહાર કાઢી મૂકવામાં આવે છે. બીજી તરફ, જુલિયટના પિતા તેના લગ્ન બીજા કોઈ સાથે નક્કી કરી નાખે છે.

લગ્નથી બચવા માટે જુલિયટ એક પાદરીની મદદથી એવી દવા પી લે છે, જેનાથી તે ૪૨ કલાક માટે મરેલી દેખાય. પ્લાન એવો હતો કે બધા તેને મરેલી સમજી મકબરામાં મૂકી આવે, પછી રોમિયો આવીને તેને લઈ જાય. પરંતુ, વિધાતાની વક્રતા (અને શેક્સપિયરની ક્રૂરતા) જુઓ! રોમિયો સુધી આ પ્લાનનો સાચો મેસેજ સમયસર નથી પહોંચતો. તેને માત્ર એટલી જ ખબર પડે છે કે જુલિયટ મરી ગઈ છે.

દુઃખી થયેલો રોમિયો જુલિયટની કબર પાસે પહોંચે છે, અસલી ઝેર પી લે છે અને મરી જાય છે. બરાબર એ જ સેકન્ડે જુલિયટની દવાની અસર ખતમ થાય છે, તે જાગે છે અને જુએ છે કે તેનો રોમિયો બાજુમાં મરેલો પડ્યો છે! આ આઘાત સહન ન થતાં જુલિયટ રોમિયોની જ કટાર પોતાના દિલમાં ભોંકી દે છે.

એક પરફેક્ટ અને કરુણ અંત. બે પ્રેમીઓના મોતે અંતે એમના પરિવારોની વર્ષો જૂની દુશ્મનીનો અંત આણ્યો, પણ બહુ મોટી કિંમત ચૂકવીને.

વિચારો કે ૧૫૯૭નું આ નાટક આજે ૨૦૨૬માં પણ કેમ વંચાય છે અને ભજવાય છે? કારણ કે આ નાટક માત્ર એક પ્રેમકહાની નથી, પણ માણસના અહંકાર, પારિવારિક ઝઘડા અને યુવાનીના અતિ-ઉત્સાહનું નાટક છે.

દુનિયાની કદાચ જ કોઈ એવી ભાષા હશે જેમાં આ નાટકનું ભાષાંતર કે રૂપાંતરણ ન થયું હોય.

આપણું આખું બોલિવૂડ 'રોમિયો એન્ડ જુલિયટ'ના દેવાદાર છે. 'ઈશ્કઝાદે', 'ગોલિયોં કી રાસલીલાઃ રામ-લીલા', કે 'સનમ તેરી કસમ'-આ બધી ફિલ્મો આ જ અમર કથાની આધુનિક આવૃત્તિઓ છે.

આજના સમયમાં પણ લંડનના બ્રોડવેથી લઈને મુંબઈના થિયેટરો સુધી, આ નાટક ક્યારેક રોક મ્યુઝિકલના ફોર્મેટમાં, તો ક્યારેક સાયબર-ક્રાઈમના બેકગ્રાઉન્ડ સાથે મોર્ડન ટ્વિસ્ટ આપીને ભજવવામાં આવે છે.

શેક્સપિયરે આ નાટકના અંતમાં લખ્યું હતું: 'For never was a story of more woe than this of Juliet and her Romeo.' (જુલિયટ અને તેના રોમિયોની વાર્તા કરતાં વધુ ગમગીન વાર્તા દુનિયામાં ક્યારેય બની નથી.)રોમિયો અને જુલિયટ ભલે નાટકના અંતમાં મરી ગયા, પણ દુનિયાભરના પ્રેમીઓના દિલમાં તેઓ હંમેશ માટે અમર થઈ ગયા. આ નાટક આપણને શીખવે છે કે પ્રેમ ગમે તેટલો સુંદર હોય, પણ જો તેમાં સમજદારી અને શાંતિ ન હોય, તો તેનો અંત ભારે કરુણ આવી શકે છે. એટલે જ, પ્રેમ ચોક્કસ કરજો, પણ પ્લીઝ... ઝેર પીવાના આઈડિયા ડ્રોપ કરજો!

શબ્દ સાપ્તાહિકી

– અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

૧. તીવ્ર ઇચ્છા (૩)
૩. પચેલું (૩)
૫. આળસ (૩)
૭. મોર (૩)
૯. મીઠું (૩)
૧૧.અવસ્થા, સ્થિતિ (૩)
૧૨. દુઃખ, પીડા (૩)
૧૪. લડાઈનું મેદાન (૨)
૧૫. એક જાતનું કાપડ (૨)
૧૬. લગામ (૨)
૧૭. ડાબું, ઊલટું (૨)
૧૮. મનસ્વી, તરંગી (૪)
૨૦. ખુશ, પ્રસન્ન (૨)
૨૧. રહેઠાણ, વસવું તે (૪)
૨૩. ''હમ હૈ.... પ્યાર કે'' (૨)
૨૪. લહે, તરંગ (૨)
૨૫. કિનારો, કાંઠો (૨)
૨૭. નમેલું (૨)
૨૮. શૂરવીર, ઈંગું (૪)
૩૦. પ્યાલો (૨)
૩૧. પજવણી (૪)
૩૩. શ્રીકૃષ્ણ (૨)
૩૪. નકામું, બાદ કરેલું (૨)
૩૫. એક કઠોળ (૨)
૩૬. ઠંડું, ટાઢું (૩)
૩૭. મીઠું, રામની ભક્તિનો રસ (૪)
૩૯. લેખ, દસ્તાવેજ (૨)
૪૦. ઝટ, એકદમ (૩)
૪૨. અભિમાની, ગૌરવયુક્ત (૨)
૪૩. ક્રોધ, નાશકારક આફત (૨)
૪૪. ફળ કે ઝાડના થડનો ગર્ભ (૨)
૪૫. મહેરબાની, કૃપા (૪)
૪૭. નજમ આપનાર પિતા (૩)
૪૯. ગાવાની ઢબ (૩)
૫૧. મસાલામાં વપરાતું સોડમવાળું બિયું (૨)
૫૨. આધાર, ભરોસો (૩)
૫૪. રાત, રજની (૨)
૫૫. ...લખવાનું કે (૨)
૫૬. લોટો (૩)
૫૮. ઢીલ, વિલંબ (૨)
૫૯. ઘરનો આગલો ખંડ(૪)
૬૨. ખેલાડી (૫)
૬૫. અન્નનો દાણો (૨)
૬૬. ઉપાધિ, દરજ્જો (૨)
૬૭. મનોહર, સુંદર (૨)
૬૮. તાકાત (૨)
૬૯. કિસ્મત, નસીબ (૪)
૭૦. નાની ઘજા (૩)
૭૨. હિંમત (૨)
૭૨. ચંદ્ર (૨)
૭૩. નાનું, થોડું (૨)

ઊભી ચાવી

૧. પરવા વિનાનું (૪)
૨.સમજણ (૨)
૩. અધિકાર (૨)
૪. મોટું (૩)
૫. બડાઈ, શેખી (૪)
૬. કૃપા, રહેમ (૨)
૭. નિષેધ, પ્રતિબંધ (૨)
૮. પ્રથા, રિવાજ (૩)
૧૦. મોટું (૩)
૧૩. પાણી પીવાની ઇચ્છા (૩)
૧૫. દાદી (૨)
૧૭. રસ્તો (૨)
૧૮. એક નદી (૨)
૧૯. આગેવાન (૩)
૨૦. જંગલ, ઉજ્જડ પ્રદેશ (૨)
૨૧. ટેક આબરૂ (૨)
૨૨. કથા, કહાણી (૩)
૨૩. રાત્રિ (૨)
૨૪. સખત, ધુમાડો (૨)
૨૫. તપસ્યા (૨)
૨૬. બોલી, વાચા (૨)
૨૭. કોતરકામ કરનાર (૫)
૨૮. દુશ્મન (૨)
૨૯. ખલાસ(૩)
૩૦. શરીરની ઊંચાઈ (૨)
૩૧. દીવાની જ્યોત (૨)
૩૨. મીઠું, ગળ્યું (૩)
૩૩. નિર્ણય, ઉકેલ(૨)
૩૪. જીભથી માલૂમ પડતો સ્વાદ(૨)
૩૫. અભિપ્રાય (૨)
૩૭. જંગલી, વન્ય (૨)
૨૮. આંખની કીકી (૩)
૩૯. વેચાણ, ઉપાડ (૩)
૪૦. દૂધ-દહીંની પોપડી (૨)
૪૧. એક જંતુ (૩)
૪૨. શોક, રડાકૂટ (૩)
૪૪. હાથી (૨)
૪૬. પ્રેમાળ, માયાળુ (૩)
૪૭. નાણું (૨)
૪૮. નિરાંત, ઠરાવ (૩)
૫૦. માલિશ કરવું તે (૩)
૫૧. ફત્તેહ, વિજય (૨)
૫૩. ઇજન, નોતરું (૩)
૫૫. પાણી (૨)
૫૬. દેવનો કોપ(૪)
૫૭. બાણ (૨)
૫૮. અઠવાડિયાનો પ્રત્યેક દિવસ (૨)
૫૯. પ્રતિજ્ઞા (૨)
૬૦. સફળ (૩)
૬૧. અંધારિયું, કૃષ્ણ પક્ષનું (૨)
૬૩. હેત, લાગણી (૩)
૬૪. વિદ્યુત (૨)
૬૫. વેરો (૨)
૬૬. પાછું (૩)
૬૮. જુસ્સો, બળ (૨)
૬૯. હોડી (૨)

શબ્દ સાપ્તાહિકી ઉકેલ



કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન

↓ ઊભી લાઇન

કાકુરો- નો ઉકેલ